ક્રમાંકઃ- બ/જમન/૧૪/ ૨૦૧૯ /૨૦૨૨-૨૩

મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી,

વલસાડ વન વર્તુળ "વન ભવન"

વલસાડ, તારીખ..૮..../ ૦૭/૨૦૨૨

વિષયઃ- Diversion of 0.004 Hectare Reserved Forest Land for laying Underground 11 KV HT Power Supply Cable from Talwada overhead water tank to Terminal Technology Company at Village: - Zaroli, Taluka: - Umargam, Dist: - Valsad.

સંદર્ભઃ- તેઓનાં પત્રાંકઃ- અ/જમન/ટે.૧૧/૩૭૩/ તા.૩૦/૦૬/૨૦૨૨.

નાયબ વન સંરક્ષકશ્રી, વલસાડ દક્ષિણ વન વિભાગ, વલસાડને જણાવવાનું કે, સંદર્ભવાળા પત્રથી તેઓનાં દ્વારા વિષયવાળી દરખાસ્ત ચાર નકલમાં અત્રે સાદર કરવામાં આવેલ છે. જેની ચકાસણી કરતાં નીચે મુજબની ક્ષતિઓ માલુમ પડેલ છે.

(૧) દરખાસ્ત અન્વયે રજૂ કરવામાં આવેલ એનેક્ષર-૩ ના From-A ના 1 (Vi) મુજબ Employment likely to be generated ની સંખ્યા ૨૦ છે. દરખાસ્ત અન્વયે કરેલ ઓનલાઇન " FORM – A" માં ૮ દર્શાવેલ છે. જે ચકાસવુ અને સુધારવુ. (પાન.નં-૫)

(૨) દરખાસ્ત અન્વયે રજૂ કરવામાં આવેલ એનેક્ષર-૩ ના Part-II ના 8 માં ઝરોલી ગામ જ દર્શાવેલ છે જેમાં તરવાળા ગામનો પણ સમાવેશ થતો હોય દર્શાવવુ તેમજ 12 (V) માં પ્રોગ્રેશની તારીખ દર્શાવવામાં આવેલ નથી. જે દર્શાવવુ અને રજુ કરવુ. (પાન.નં-૧૮ અને ૧૯)

(3) દરખાસ્ત અન્વયે એનેક્ષર.૪ માં દર્શાવેલ Width (2 feet= 0.61 meter) અને Depth (4 feet= 1.22 meter) દર્શાવેલ છે. જે એનેક્ષર-૭ માં દર્શાવેલ Width=0.1016 meter સાથે તેમજ એનેક્ષર.૩૧ સાથે સુસંગત થતા નથી. જે સુધારવુ. (પાન.નં-૨૭, ૪૭ અને ૧૧૫)

(૪) એનેક્ષર-૧૮ મુજબ વળતર વનીકરણ માટે પસંદ કરવામાં આવેલ ડીગ્રીડેડ ફોરેસ્ટ વિસ્તારના સર્વે નંબરના ઉલ્લેખ સાથેનો નકશો તૈયાર કરવામાં આવેલ છે. જે કમ્પાર્ટમેન્ટ નંબર અને કુપ નંબરના ઉલ્લેખ સાથે કુલ ફોરેસ્ટ એરીયા હે.આર તથા ડીગ્રીડેડ વિસ્તાર સુચવેલ હેક. દર્શાવી રજૂ કરવો. (પાન.નં-૭૭)

(૫) દરખાસ્ત અન્વયે પાન. નં ૧૨૧ પર રજૂ કરવામાં આવેલ મોજે. ઝરોલી, તા. ઉમરગામ, જિલ્લો. વલસાડ ના ગામ નકશાની ચકાસણી કરતાં ગામ નકશામાં માંગણીવાળો વિસ્તાર સર્વે નંબર.૩૩૭ પૈકીનો જ ભાગ છે એમ દર્શાવવામાં આવેલ છે. જે ખરેખર ઝરોલી તેમજ તરવાળાનો ભાગ હોય એ મુજબ જરુરી સુધારો કરવો.

વધુમાં જણાવવાનું કે, દરખાસ્તના સાધનિક કાગળો તેમજ નકશાઓની ચકાસણી કરતાં **"સદરહુ દરખાસ્તનો માંગણીવાળો વિસ્તાર ઝરોલી ગામમાં જ નહી પરંતુ તરવાળા ગામમાં પણ આવતો હોય તે મુજબ તમામ કાગળો/ નકશાઓ તૈયાર કરી"** ફરીવાર દરખાસ્ત સાદર કરવા જણાવવામાં આવે છે. જેથી આગળની ઘટતી કાર્યવાહી હાથ ધરી શકાય. તેમજ ભવિષ્યમાં આ બાબતો ધ્યાને લઇ દરખાસ્તની ચકાસણી કર્યા બાદ જ દરખાસ્ત મંજૂરી અર્થે સાદર કરવામાં આવે તેની ખાસ તકેદારી રાખવા વિનંતી છે.

બિડાણઃ ઉપર મુજબ
(દરખાસ્ત ચાર પ્રતમાં)

મુખ્ય વન સંરક્ષક
વલસાડ વન વર્તુળ
વલસાડ

પ્રતિ,
**નાયબ વન સંરક્ષકશ્રી,**
વલસાડ દક્ષિણ વન વિભાગ,
વલસાડ.